જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૧૨/૨૦૧૮ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૯૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ અને ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૯૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરી :- સમાચાર યાદી નં.૨૩૯૬/૧૮

**ચાંદખેડા** : પવનકુમાર રમેશચન્દ્ર મૌર્ય (રહે. અંજનીકૃપા સોસાયટી, ગેલેક્ષી સિનેમાની સામે નરોડા) એ તા.૯/૧૨/૧૮ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૨/૧૮ રાતના ૨/૦૦ થી સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન મોટેરા આશારામ ચોકડી થી મનાલી ફ્લેટ સુધીના રોડમાં દબાવેલ 1.5 SQMM*4 CORE COPER FEXEBLE CABEL ના વાયરના ૯૦ મિટર ના ચાર રોલના ટુકડા અંદાજીત કિંમત રૂપિયા ૧૯૦૦૦/- મતાના કોઇ અજાણી વ્યક્તિ રોડમાંથી કાઢી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.દેસાઇ ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુ :- સમાચાર યાદી નં.૨૩૯૭/૧૮

**"જે" ટ્રાફીક પો.સ્ટે.** : રીઝવાનભાઇ સાદીકભાઇ અંસારી (રહે. મદનીનગર, અસ્મિસ્કુલ પાસે, સૈયદવાડી, વટવા) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૨/૧૮ સાંજના ૦૭/30 વાગ્યાના સુમારે મચ્છુનગર થી જી.આઇ.ડી.સી.વટવા રેલવે બ્રીજ તરફ જતા મારૂતી કોરોનેશન વે બ્રીજ સામેના રોડ ઉપર થી રીઝવાનભાઇનો ભાણેજ મોહમદઅકબરઅલી સોકતઅલી અંસારી(ઉ.વ.૨૪) પોતાની મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યો હતો દરમ્યાન એક આઇશર ગાડી નંબર એચ.આર-૬૮-બી-૪૮૪૮ ના અજાણ્યા ચાલકે પોતાના કબ્જાની આઇશર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, મોહમદઅકબરઅલી ની મોટર સાયકલને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૯/૧૨/૧૮ ના કલાક ૭/૦૦ વાગે મોહમદઅકબરઅલી નું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.ડી.કુમાવત ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૯૮/૧૮**

**ગોમતીપુર** : સુમનબહેન વા/ઓ સુરેશભાઇ ચાવડા (ઉ.વ.૨૨)(રહે.ગામ- ચારોડી તા- સાણંદ જી- અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૧૮ ના કલાક ૦૯/૦૦ વાગ્યાના સુમારે ગોમતીપુર હરવણી ના દવાખાના પાસે, ખાડાવાળી ચાલી ખાતે આવેલ પોતાની માતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

**બાપુનગર** : સત્યનારાયણ ગોપાલભાઈ કોકંતી (ઉ.વ.૩૮)(રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૧૮ ના કલાક ૦૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.